શ્રી આર.આર.દેસાઈ, પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, ભરૂચ સમક્ષ.

રેફરન્સ (એલ.સી.બી.) નં. ૨૫/૨૦૦૮
(IA/1/2024)

<u>પ્રથમ પક્ષકાર</u> : એશીયન પેઈન્ટસ (ઈન્ડીયા) લી.
પ્લોટ નં. ૨૬૦૨, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર, જી. ભરૂચ.

-:: અને ::-

<u>બીજા પક્ષકાર</u> : પ્રકાશભાઈ રઘુનાથભાઈ પટેલ
સરસ્વતી પાર્ક, આંબોલી રોડ, સર્વોદયની બાજુમાં, અંકલેશ્વર.

<u>હાજર રહયા</u> : પ્રથમ પક્ષકાર તરફે- વિ.વ.શ્રી વાય.આર.વાસદીયા
બીજા પક્ષકાર તરફે - વિ.વ.શ્રી એમ.એસ.મન્સુરી

<u>આંક-૫૩ ની અરજી હેઠળ હુકમ</u>

આ કામના બીજા પક્ષકારે આંક-૭ થી તેમના માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૨૧/૧૧/૧૯૮૧ થી ફરજ બજાવતા હતા. પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થાએ કામદાર પ્રત્યે કિન્નાખોરી અને બદઈરાદો રાખી કંપનીમાં બે કામદારો વચ્ચે કેન્ટીનમાં બનેલ સામાન્ય બોલાચાલીના બનાવમાં બંને પક્ષો વચ્ચે પ્રશ્ન પતી ગયા છતાં કામદાર વિરૂધ્ધ તા. ૧૯/૧૦/૨૦૦૨ ના રોજ ખોટી, બેબુનીયાદ અને અર્થહીન આક્ષેપો ઉપજાવી કાઢી મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર અનુસાર સંબંધીત કામદારને સ્થાનિક ભાષામાં ફરજીયાત પણે તહોમતનામાં આપવાના કાયદાકીય રીતે અનિવાર્ય હોવા છતાં સંસ્થાએ અંગ્રેજીમાં તહોમતનામું આપેલ જે તહોમતનામાનો જવાબ કામદારે તા. ૧૭/૧૨/૨૦૦૨ ના રોજ ગુજરાતી ભાષામાં આપેલ છે. વધુમાં જણાવે છે કે સંસ્થાએ કામદારના જવાબની કોઈ વિચારણા કર્યા વિના કે ધ્યાને લીધા વિના પોતાના જાણીતા અને વગ ધરાવતા હેઠળના માણસ વી.સી.પટેલની તપાસ અધિકારી તરીકે મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડરનો ભંગ કરીને નિમણુંક કરેલ. જેઓએ તપાસ દરમ્યાન કામદારને કોઈપણ તબકકે યોગ્ય અને અસરકારક જવાબ આપવા દીધો નહીં. વધુમાં જણાવે છે

કે તેમને બચાવ પ્રતિનિધિ તરીકે કાયદાના જાણકારની મદદ લેવા દીધેલ નહીં તથા સંસ્થા તરફથી નીમાયેલ રજુઆત અધિકારીએ વકીલ અને સાક્ષીની બેવડી ભુમીકા બજવેલ. વધુમાં જણાવે છે કે મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર મુજબ તહોમતનામું આપનાર અધિકારીને તહોમત આપવાની હકુમત ન હોવા છતાં મનસ્વી અને પુર્વનિર્ધારીત રીતે સદર પુર્વગ્રહ ધરાવતા તપાસ અધિકારીએ તપાસ એક ઔપચારીક નાટક રૂપે પુરી કરી તદૃન ખોટી હકીકતોથી વિરૂધ્ધ બેબુનીયાદ તર્કકટી અને એકતરફી તારણો સંસ્થા પાસેથી મોટી રકમ લઈ તેના બદલામાં તૈયાર કરેલ. વધુમાં જણાવે છે કે સંસ્થાએ તેમને વિકૃત અને ગેરકાયદેસર તારણોના આધારે નોકરીમાં થી બરતરફ કરવાની શિક્ષા જાહેર કરી તા. ૦૩/૧૧/૨૦૦૩ ના રોજ બીજી કારણદર્શક નોટીસ આપેલી. જેનો વિગતવાર જવાબ કામદારે તા. ૧૨/૧૧/૨૦૦૩ ના રોજ આપેલો, પરંતુ તે જવાબના વિચારણા કર્યા વિના કામદાર વિરૂધ્ધ બરતરફીનો હુકમ આપવામાં આવેલ. વધુમાં જણાવે છે કે બરતરફીના હુકમની બહાલી અર્થે સંસ્થાએ કન્સીલીએશન ઓફીસર સમક્ષ એપ્રુવલ અરજી કરી જેનો ચુકાદો અનઅધિકૃત રીતે જેતે સમયના કન્સીલીએશન ઓફીસરે જાહેર કરેલ. જે ચુકાદાની વિરૂધ્ધ કામદારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ. નં. ૧૬૫૯૨/૨૦૦૫ દાખલ કરેલ. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે કડક વલણ લેતા મદદનીશ મજુર કમિશ્નરે હાઈકોર્ટ સમક્ષ પોતાનો ચુકાદો પાછો ખેંચી લેવાની અરજ કરેલ, ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટે ચુકાદો રદ કરેલ અને ફરી સુનાવણી કરી હુકમ કરવાનો આદેશ કરેલ, ત્યારબાદ મદદનીશ મજુર કમિશ્નરે પોતાનો હુકમ રદ થતા દવેષબુધ્ધિ પુર્વક કાયદા વિરૂધ્ધ અને હકીકતો ધ્યાનમાં લીધા વિના ફરીવાર સંસ્થા ધ્વારા કરવામાં આવેલ એપ્રુવલ મંજુર કરતો હુકમ કરેલ. જે હુકમ રેફરન્સના હકકને બાધ ન આવે તેમ કરવામાં આવેલ હોય કામદારે હાલનો ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરેલ જેમાં સમાધાન ન થતા હાલનો રેફરન્સ અત્રેની કોર્ટમાં ન્યાય નિર્ણય માટે મોકલવામાં આવેલ છે. વધુમાં જણાવે છે કે સંસ્થાએ કામદારને અનઅધિકૃત અને હકુમત વિહિન તહોમતનામું આપી નોકરીમાંથી બરતરફ કરેલ અને નોકરીમાંથી બરતરફ થયા બાદ કામદાર ઘણા સ્થળે જી.આઈ.ડી.સી. માં આવેલ કારખાનાઓમાં ફરી અવાર–નવાર બીજી નોકરી મેળવવાના પ્રયાસો કરેલ પરંતુ તેમને એશીયન પેઈન્ટસમાંથી યુનિયનના કાર્યકર

હોવાના કારણે બરતરફ કરવામાં આવ્યાની માહિતી હિત ધરાવનારાઓએ અગાઉથી પહોંચાડી દીધેલ હોય જેથી કામદારને કોઈ નોકરીમાં રાખવાની તૈયારી બતાવેલ નહીં જેના કારણે કામદાર આજદિન સુધી બેકાર છે. સંસ્થા ધ્વારા ખાતાકીય તપાસના અધિકારીની નિમણુંક ગેરકાયદેસર રીતે કરવામાં આવેલ છે અને તપાસ અધિકારીએ પુર્વગ્રહથી તપાસ કરેલી જેમાં કામદારને બચાવની તક આપવામાં આવેલ ના હોય સમગ્ર તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત અને મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર વિરૂધ્ધની છે. જેથી કામદાર વિનંતી કરેલ છે કે સંસ્થા ધ્વારા તા. ૧૨/૧૧/૨૦૦૩ ના રોજ બરતરફ કરવાનો હુકમ ગેરવ્યાજબી ઠરાવી રદ કરી કામદારને મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર અને અન્ય લાભો સહિત સળંગ નોકરીમાં ગણી પુન:સ્થાપિતનો હુકમ રેફરન્સના ખર્ચ રૂા. ૨૫,૦૦૦/– સાથે કરવા અરજ ગુજારેલ છે.

સદર કામની બીજા પક્ષકાર તરફથી આંક–૫૩ થી હાલની અરજી તા. ૦૬/૦૯/૨૦૨૩ ના રોજ દાખલ કરવામાં આવેલ. જેમાં બીજા પક્ષકારે જણાવેલ છે કે આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારની હાજરીમાં કોઈ તપાસ કરી નથી તેથી ખરેખર તપાસ કરવામાં આવી છે તે હકીકત પ્રથમ પક્ષકારને પુરવાર કરવી અને તે પછી તે તપાસ કાયદેસર કે ન્યાયી છે તેમાં નામદાર અદાલત જઈ શકે, આ કામના પ્રથમ પક્ષકારે ખાતાકીય તપાસના કોઈ લેખિત કે મૌખિક પુરાવા આ કામે રજુ કરેલ નથી. બીજા પક્ષકાર વધુમાં જણાવેલ છે કે નામદાર ગુજરાત હાઈકોર્ટના મીરાન્ડા ટુલ્સ વિરૂધ્ધ જયેશના કેસમાં આપેલ ચુકાદા મુજબ જયારે ફેકટમનો પ્રશ્ન હોય ત્યારે પ્રથમ માલિકે પુરવો લઈ ફેકટમ પુરવાર કરવું પડે અને ત્યારબાદ તપાસની કાયદેસરતા અને યોગ્યતા બાબતનો મુદ્દો વિચારણા પર લઈ તે અંગેનો પુરાવો તબકકો ફેકટમના મુદ્દે નામદાર અદાલતના નિર્ણયના અનુસંધાને લેવાનો થાય છે. જેથી આ કામના પ્રથમ પક્ષકાર તરફે કોઈ ખાતાકીય તપાસના ફેકટમ બાબત લેખિત કે મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ ના હોય ફેકટમના મુદ્દે દલીલ સાંભળી લેવા અરજ ગુજારેલ છે.

આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી આંક–૯ થી માંગણાના નિવેદનનો જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ કામદારના માંગણાના નિવેદનની તમામ

હકીકતોને નકારેલ છે તથા જણાવે છે કે બીજા પક્ષકારને સંસ્થાએ તા. ૧૨/૧૧/૨૦૦૩ ના રોજ પત્ર ધ્વારા ગંભીર ગેરવર્તણુંકો આચરવા બદલ બરતરફ કરેલ અને તે વખતે આસીસ્ટન્ટ લ ેબર કમિશ્નર (સમાધાન અધિકારી) શ્રી પરમાર સાહેબ સમક્ષ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૩૩(૨)(ડી) હેઠળ બરતરફીના પગલાને બહાલી મેળવવા એપ્રુવલ અ.નં. ૧૦/૨૦૦૩ દાખલ કરવામાં આવેલ. જેમાં સમાધાન અધિકારીએ બંને પક્ષકારોને રજુઆત કરવાની કાયદેસર તકો આપી તેઓ ધ્વારા પડેલા પુરાવા તથા દલીલના આધારે છેવટે તા. ૩૧/૦૫/૨૦૦૫ ના રોજ હુકમ કરી સંસ્થાની એપ્રુવલ અરજીને માન્ય રાખેલ, પરંતુ હુકમની તારીખે સદર અધિકારીશ્રી કે.એમ.પરમારે પોતાનો ચાર્જ ભરૂચ ખાતે સંભાળતા ના હોવાથી તથા સુરત ખાતે ડી.એલ.સી. નું પ્રમોશન ધરાવતા હોવાથી ટેકનીકલ કારણસર (હકુમતના અભાવે) નામદાર સમાધાન અધિકારીના સદર હુકમ બીજા પક્ષકારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પડકારેલ અને સમાધાન અધિકારીશ્રી કે.એમ.પરમાર નાઓ ધ્વારા તા. ૩૧/૦૫/૨૦૦૫ ના રોજ આપવામાં આવેલ હુકમ હકુમતના અભાવના કારણે સરકારે પરત ખેંચતા નામદાર ગુજરાત હાઈકોર્ટે એપ્રુવલ અરજી હેઠળ તા. ૩૧/૦૫/૨૦૦૫ ના રોજ થયેલ હુકમ રદબાતલ થતા ભરૂચ ખાતે નવા એ.એલ.સી. (સમાધાન અધિકારી) એ ફરીથી બં ને પક્ષકારોને પુરતી તકો આપી પડેલા પુરાવાના આધારે નવેસરથી સુનાવણી કરી સંસ્થાની એપ્રુવલ અરજી નં. ૧૦/૦૩ ને માન્ય રાખેલ અને બીજા પક્ષકારે સદર એપ્રુવલ અરજીમાં લીધેલ તમામ વાંધાઓ અને આક્ષેપો અમાન્ય રાખી ગુણદોષ ઉપર કંપનીની એપ્રુવલ અરજી માન્ય રાખી હાલના કામના સંબંધીત કામદારને બરતરફ કરવાના કંપનીના પગલાને બહાલી આપેલનો હુકમ તા. ૨૪/૧૨/૨૦૦૭ ના રોજ કરેલ. સદર તા. ૨૪/૧ ૨/૨૦૦૭ ના હુકમ સમાધાન અધિકારી, જે ઔદ્યોગિક વિવાદ ધારામાં કાયદેસરની ઓથોરીટી છે તેના હુકમને બીજા પક્ષકારે આજદિન સુધી ઉપલી અદાલતમાં પડકારેલ નથી અને તેથી તમામ રીતે તેઓને બંધનકર્તા છે. કંપનીની એપ્રુવલ અરજી કેમ માન્ય રાખી તે માટે જેજે મુદ્દાઓ જેવાકે તહોમતનામું સ્થાયી હુકમો મુજબનું નથી, તપાસ અધિકારીશ્રી વી.સી.પટેલની નિમણુંક ગેરકાયદેસર છે, ખાતાકીય તપાસ ગેરકાયદેસર છે, કિન્નાખોરી રાખેલ છે, કુદરતી ન્યાયના

સિધ્ધાંતનો ભંગ કરેલ છે, તપાસ અધિકારીના તારણો પર્વસ છે વિગેરે વાંધાઓ અને મુદ્દાઓ બીજા પક્ષકારે સમાધાન અધિકારી સમક્ષ એપ્રુવલ અરજીની કાર્યવાહીમાં કરેલા તે તમામ મુદ્દાઓનો ન્યાય નિર્ણય અને નિકાલ એપ્રુવલ અરજીના ચુકાદા ધ્વારા ઔધોગિક ધારા હેઠળ સક્ષમ ઓથોરીટીએ કરી દીધેલ હોવાથી અને ઉપલી અદાલતમાં અપીલ કરી રદબાતલ ઠરાવેલ ના હોવાથી તેને ફરીવાર પડકારી શકાય નહીં અને તેને ડોકટરાઈન ઓફ એસ્ટોપલ અને રેસ જયુડીકેટાના સિધ્ધાંતો લાગુ પડે છે. બીજા પક્ષકારે સમાધાન અધિકારીના હુકમથી નારાજ થઈ ૩૩(એ) ની ફરીયાદ કરેલ નથી. આવા સંજોગોમાં સમાધાન અધિકારીનો હુકમ એવોર્ડ જ ગણાય અને બરતરફીને કાયદેસર ઠરાવેલ હોવાથી તથા બરતરફીના પગલાને બહાલી આપેલ હોવાથી હાલના રેફરન્સ હેઠળ ઔધોગિક તકરાર કહેવાય નહીં અને આમ એસ્ટોપલ અને રેસ જયુડીકેટના સિધ્ધાંત લાગુ પડતા હોવાથી ઔધોગિક તકરાર ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટનું અસ્તિત્વ રહેતુ ના હોવાથી નામદાર કોર્ટને હાલનો રેફરન્સ ચલાવવાની અને નિર્ણય કરવાની હકુમત બનતી ના હોવાથી સંસ્થા સદર હકુમતને લગતો મુદ્દો ઉભો કરી તેને પ્રાથમિક મુદ્દો સમજી તે પહેલા સાંભળી અને તે પહેલા નકકી કરવા અરજ કરેલ છે.

સંસ્થા ધ્વારા વધુમાં જણાવવામાં આવે છે કે કામદાર વિરૂધ્ધ કરવામાં આવેલ ખાતાકીય તપાસની કાર્યવાહી સંપુર્ણ રીતે યોગ્ય, વ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ કરવામાં આવેલ છે. કામદારે સંસ્થાની નોકરીમાં કેટલીક અતિગંભીર પ્રકારની ગેરવર્તણુંકો આચરેલ હોવાથી કામદારને તા. ૦૭/૦૯/૨૦૦૨ ના રોજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ જે તેઓને તેજ દિવસે મળતા ''ગુજરાતીમાં સમજાવેલ છે અસલ મળેલ છે'' તેવા શેરા સાથે મળ્યા બદલની સહી કરેલ છે. ખાતાકીય તપાસ અગાઉ બીજા પક્ષકારે કારણદર્શક નોટીસનો લેખિત જવાબ પોતાના પત્ર તા. ૦૯/૦૯/૨૦૦૨ ના રોજ આપેલ જેમાં તેમની ઉપર મુકવામાં આવેલ આક્ષેપોનો સ્વીકાર કરેલો અને માફી માંગેલ. આમછતાં કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ તપાસ થાય તેવા આશયથી કંપનીએ વિગતવાર આરોપો દર્શાવતી ચાર્જશીટ તા. ૧૯/૧૦/૨૦૦૨ ના રોજ કામદારને આપેલ જે કામદારને તા. ૨૧/૧૦/૨૦૦૨ ના રોજ મળ્યા બાદ ''ગુજરાતીમાં સમજાવેલ છે અસલ મળેલ છે'' તેવા શેરા સાથે સહી કરી સ્વીકારેલ છે.

તા. ૧૯/૧૦/૨૦૦૨ ના રોજની ચાર્જશીટનો લેખિત ખુલાસો / જવાબ બે મહિના પછી અને તે પણ તપાસ અધિકારીએ પુછયા બાદ તા. ૧૭/૧૨/૨૦૦૨ ના રોજ આપેલો. સદર લ ેખિત જવાબમાં તા. ૦૬/૦૯/૨૦૦૨ ના રોજ રાત્રે બનેલ બનાવ બાબત તથા પોતાની સં ડોવણી બાબતનો સમર્થન / કબુલાત કામદારે જાહેર કરેલ છે. કં પનીને મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર લાગુ પડે છે અને સંબંધીત કામદારને ફરજીયાત પણે સ્થાનિક ભાષામાં તહોમતનામું આપવાનું અનિવાર્ય છે જયારે બીજા પક્ષકારને કારણદર્શક નોટીસ અને તહોમતનામું આપવામાં આવ્યું ત્યારે તેનું ગુજરાતી ભાષામાં અનુવાદ કરી માહિતગાર કરવામાં આવેલ છે. કામદાર વિરૂધ્ધ તહોમતનામામાં મુકવામાં આવેલ ગેરવર્તણુંકના આક્ષેપોની તપાસ માટે બહારના સ્વતંત્ર વ્યકિતશ્રી વી.સી.પટેલની તપાસ અધિકારી તરીકેની નિમણુંક કરવામાં આવેલ અને બહારના સ્વતંત્ર વ્યકિતની તપાસ અધિકારી તરીકે નિમણુંક કરવા માટે કાયદા માટે કે લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓર્ડરમાં કોઈ જ અવરોધ, બાધ કે પ્રતિબંધ નથી અને કામદારે તેમની નિમણુંક અંગેનો કોઈ વાંધો ખાતાકીય તપાસ દરમ્યાન કરવામાં આવેલ નથી. વધુમાં જણાવે છે કે ખાતાકીય તપાસમાં બીજા પક્ષકાર પોતાના બચાવના પ્રતિનિધિ તરીકે તેમની ઈચ્છા મુજબ યુનિયનના સેક્રેટરીશ્રી એસ.કે.યાદવને સમગ્ર ખાતાકીય તપાસમાં હાજર રાખી તેમનો બચાવ કરેલો અને તૈયાર પક્ષના સાક્ષીઓનું નિવેદન તેમની હાજરીમાં લેવામાં આવેલ અને તેઓની ઉલટ તપાસ કરવાની કામદારને તકો આપવામાં આવેલ અને તેઓએ ઉલટ તપાસ પણ કરેલી. કામદારે જયારે જયારે મુદતની માંગણી કરેલી ત્યારે તયારે મોટા ભાગે તમામ માંગણીઓનો સ્વીકાર કરી મુદતો પણ આપવામાં આવેલ. કામદારને રજુ થયેલ દસ્તાવેજોની નકલો તથા તપાસની કાર્યવાહીની નકલો જેતે દિવસની કાર્યવાહી પુરી થતા તુરંત આપવામાં આવેલ. કામદારે ખાતાકીય તપાસમાં પોતાના બચાવના સાક્ષી પણ રજુ કરેલા તે તમામ હકીકતો ઘ્યાને લઈ કામદારને સમગ્ર ખાતાકીય તપાસ દરમ્યાન પોતાનો બચાવ માટે તમામ પુરતી તકો સવવડતા, મુદતો અને સમય આપવામાં આવેલ. ખાતાકીય તપાસ બાદ તપાસ અધિકારીએ પોતાના તારણોમાં ગેરવર્તણુંકના આક્ષેપો સાબિત થયા હોવાનું માણેલા અને તે અત્યંત ગંભીર પ્રકારના હોવાથી કંપનીની

નોકરીમાંથી બરતરફ કેમ ન કરવા તેના કારણો દર્શાવવા લેખિત ખુલાસો રજુ કરવા માટે બીજી કારણદર્શક નોટીસ તા. ૦૩/૧૧/૨૦૦૩ ના રોજ તપાસ અધિકારીના તારણો સહિત આપવામાં આવેલ. જે નોટીસનો ખુલાસો રજુ કરવા કામદારે મુદત માંગેલી જે આપવામાં આવેલી. બીજા પક્ષકારે કારણદર્શક નોટીસનો ત્યારબાદ જવાબ આપેલ જે કંપનીને સંતોષકારક ના લાગવાથી તથા સાબિત થયેલ ગેરવર્તણુંકના આક્ષેપો અતિગંભીર પ્રકારના હોવાથી અને બીજા પક્ષકારનો પાછલો ભુતકાળનો રેકર્ડ પણ કલંકીત હોવાથી તેઓને કંપનીની નોકરીમાં ચાલુ રાખવા હિતાવહ ના હોવાથી તથા ઔદ્યોગિક શાંતિ અને ઉત્પાદનના શિસ્તના વિશાળ હિતમાં તેઓને બરતરફ કરેલા હોવાથી તથા તેઓએ આચરેલ ગેરવર્તણુંક અત્યંત ગંભીર પ્રકારની હોવાથી તેઓને બરતરફ કરવાની શિક્ષા યોગ્ય, વ્યાજબી, કાયદેસર અને પ્રમાણસરની હોવાથી તેમાં હસ્તક્ષેપ કરવા નૈતિક કે કાયદેસરનું કારણ ઉપસ્થિત થતું નથી અને તેને યોગ્ય, વ્યાજબી અને પ્રમાણસર ઠરાવી શિસ્તમાં પ્રમાણિક માન્યતા ઠરાવતા કામદારો માટે સચ્ચોટ ઉદાહરણ પુરૂં પાડવા વિનંતી કરી બીજા પક્ષકારની તમામ માંગણીઓનો હાલનો રેફરન્સ ગેરકાયદેસર, અયોગ્ય અને બિનજરૂરી હોવાથી રદ થવા પાત્ર છે, છતાં સુનાવણી દરમ્યાન જો નામદાર કોર્ટે ન્યાય નિર્ણય પર આવેકે ખાતાકીય તપાસ યોગ્ય, વ્યાજબી અને કાયદેસરની નથી અને અથવા તપાસ અધિકારીના તારણો પુરાવા આધારીત નથી કે અન્ય કોઈપણ કારણસર ખાતાકીય તપાસ રદબાતલ ઠેરવે કે ખાતાકીય તપાસની અન્ય બાબતમાં વિપરીત નિર્ણય લે તો તેવા સંજોગોમાં નામદાર કોર્ટ રેફરન્સનો અંતિમ નિર્ણય કરતા પહેલા બીજા પક્ષકારને બરતરફ કરવાના પગલાને યોગ્ય, વ્યાજબી, કાયદેસર, પ્રમાણસર યોગ્ય લાગે તેવા તમામ પ્રકારના પુરાવા રજુ કરવા વ્યાજબી તકો અને અથવા ડિનોવો તપાસ કરવા તકો આપેલ તેવી રજુઆત કરેલ છે.

સંસ્થા તરફથી વધુમાં જણાવવામાં આવેલ છે કે બીજા પક્ષકારને છુટા કર્યા પછી તેઓ આવકનું કોઈ સાધન ધરાવતા નથી કે કશું કમાતા નથી એ હકીકત માની શકાય નહીં. તા. ૧૨/૧૧/૨૦૦૩ ના રોજ બરતરફ કર્યા બાદ સૌપ્રથમ વખતે હાલનો રેફરન્સ ૨૦૦૮ ના વર્ષમાં થયો છે એટલેકે લગભગ પાંચ વર્ષ બાદ થયો છે અને માંગણાનું નિવેદન

તા. ૧૪/૧૧/૨૦૦૯ ના રોજ રેફરન્સ થયાના ૨૦ મહિના બાદ રજુ કરેલ છે. જે બતાવે છે કે બીજા પક્ષકારને નોકરીમાં રસ નથી, સારૂં એવું કમાઈ છે અને બેદરકારી સુચવે અને તે દાદને પાત્ર નથી તેવી રજુઆત કરી બીજા પક્ષકારે કરેલ રેફરન્સ રદ કરવા અરજ ગુજારેલ છે.

આ કામના બીજા પક્ષકાર ધ્વારા હાલની આંક–૫૩ ની અરજીનો જવાબ પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા આંક–૫૫ થી આપવામાં આવેલ છે. જેમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ મુખ્યત્વે જણાવેલ છે કે બીજા પક્ષકાર ધ્વારા આંક–૫૩ ની અરજીમાં જણાવેલ તમામ હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલ છે. વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનમાં અનેકો વખત તેઓની સામે ખાતાકીય તપાસ થયેલ હોવાનું કબુલેલ છે તથા બીજા પક્ષકારને છુટા કરતા પહેલા પ્રથમ પક્ષકાર સંસ્થાએ ચાર્જશીટ આપી ખાતાકીય તપાસ કર્યા બાદ છુટા કરેલ છે. બીજા પક્ષકાર તેમના માંગણાના નિવેદનમાં પેરા–૩ માં સ્પષ્ટ કબુલ રાખેલ છે કે તેઓને તા. ૧૯/૧૦/૨૦૧૩ ના રોજ તહોમતનામું મળેલ જેનો જવાબ તેઓએ તા. ૧૭/૧૨/૨૦૧૩ ના રોજ આપેલ છે અને નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ કોઈપણ ખાતાકીય તપાસ ચાર્જશીટ આપ્યાની સાથે જ ચાલુ થઈ જાય છે અને જયારે બીજા પક્ષકારને ચાર્જશીટ મળ્યાની હકીકત તેઓ સ્વીકારેલ હોય ત્યારે બીજા પક્ષકારનું કથન કે આવી કોઈ ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી જે ખોટી અને ઉપજાવી કાઢેલી છે. વધુમાં જણાવેલ છે કે સંસ્થાએ આંક–૩૨ થી બીજા પક્ષકાર સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસના તમામ કાગળો રજુ કરેલ છે જે તમામ કાગળો ધ્યાને લેતા બીજા પક્ષકાર ખાતાકીય તપાસની કાર્યવાહીમાં હાજર રહેલ હોવાની હકીકત તથા બીજા પક્ષકારને તમામ તપાસના કાગળો મળેલ અંગે તેઓએ કરેલ સહીઓ સ્પષ્ટ જણાય આવે છે. જેથી બીજા પક્ષકારે ખાતાકીય તપાસમાં પોતે હાજર રહેલ છે તે સ્પષ્ટ પુરવાર થાય છે. આ સિવાય ખાતાકીય તપાસ દરમ્યાન બીજા પક્ષકારે ઈન્કવાયરી ઓફીસરને પત્રો લખેલ છે તે પણ આ કામે રજુ કરવામાં આવેલ છે તથા ખાતાકીય તપાસ દરમ્યાન બીજા પક્ષકાર તરફથી તેમના સહકર્મચારી એસ.કે.યાદવ તેમના પ્રતિનિધિ તરીકે હાજર રહેલ છે તથા તપાસ

દરમ્યાન સંસ્થા તરફના સાહેદોની તેઓએ ઉલટ તપાસ પણ કરેલી છે તે તમામ હકીકતોને ઘ્યાને લઈ બીજા પક્ષકાર વિરૂઘ્ધ ખાતાકીય તપાસ તેમની હાજરીમાં કરવામાં આવેલ છે તે હકીકત પુરવાર થાય છે. આ સિવાય કન્સીલીએશન ઓફીસર સમક્ષ એપ્રુવલ અ.નં. ૧૦/૨૦૦૩ દાખલ કરવામાં આવેલી. જે અરજી હેઠળ હુકમ દરમ્યાન કન્સીલીએશન ઓફીસરે એક નહિં પરંતુ બે વખત કામદાર સામે થયેલ ખાતાકીય તપાસમાં કામદારને બચાવનો પુરતી તક મળેલ હોવાથી કુદરતી ન્યાયના સિઘ્ધાંત મુજબની ખાતાકીય તપાસ થયેલાની હકીકત ઠરાવેલ છે. જે હુકમની નકલ પ્રથમ પક્ષકાર સંસ્થાએ આ કામે નિ. ૫૦/૧ થી રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે કન્સીલીએશન ઓફીસરે એપ્રુવલ અરજી આઈ.ડી.એકટની કલમ ૩૩(૨)(બી) હેઠળ ગુણદોષ ઉપર નિર્ણય કરેલ છે. જેથી કન્સીલીએશન ઓફીસર દ્વારા કરવામાં આવેલ હુકમ માનવાનું કારણ રહે છે. પ્રથમ પક્ષકાર તરફે વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારે કન્સીલીએશન ઓફીસર સમક્ષ થયેલી એપ્રુવલ અરજી નં. ૧૦/૨૦૦૩ ના તા. ૨૪/૧૨/૨૦૦૭ નો હુકમ ઉપલી અદાલતમાં પડકારેલ નથી. જેથી તે હુકમ બીજા પક્ષકારને હાલમાં બંધનકર્તા છે. જેથી ઉપરોકત તમામ હકીકતોને ઘ્યાને લઈ કામદાર વિરૂઘ્ધ ખાતાકીય તપાસ કરવામાં આવેલ છે અને તે ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિઘ્ધાંત મુજબ કરવામાં આવેલી છે. પ્રથમ પક્ષકાર તરફે વધુમાં જણાવવામાં આવે છે કે બીજા પક્ષકારે તેમની આંક–૫૩ ની અરજીના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના મીરાન્ડા ટુલ્સ વિરૂઘ્ધ જયેશ પટેલનો ચુકાદાને આધાર રાખેલ છે પરંતુ ઉપરોકત ચુકાદાની હકીકત હાલના કેસની હકીકતોથી વિરૂઘ્ધ હોય તે ચુકાદા બીજા પક્ષકારને મદદરૂપ થતા નથી. વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારે તેમની આંક–૫૩ ની હાલની અરજી સોગંદ ઉપર જાહેર કરેલ નથી. જેથી તે અરજીમાં જણાવેલ હકીકતો માની શકાય નહીં. વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકાર વિરૂઘ્ધ કરવામાં આવેલ ખાતાકીય તપાસની કાયદેસરતા અંગે એપ્રુવલ અરજી નં. ૧૦/૨૦૦૩ માં નિર્ણય કરવામાં આવેલ છે. જેથી તે મુદ્દા અંગે રેસજયુડીકેટાના સિઘ્ધાંત લાગુ પડે છે. જેથી તે મુદ્દો ફરીથી નિર્ણય કરવાનું અત્રેની કોર્ટને રહેતું નથી તેવી હકીકત જણાવી નામદાર સર્વોચ્ચ અદાલતના રાજસ્થાન સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિરૂઘ્ધ ભરતસીંગ ઝાલા સી.એ.નં.

૬૯૪૨/૨૦૨૨, તા. ૩૦/૦૯/૨૦૨૨, ૨૦૨૨(એલ.એલ.આર.) ૧૧૮૧ રજુ કરેલ છે. જે માનસહ વંચાણે લેવામાં આવેલ છે. તે તમામ હકીકતો જણાવી બીજા પક્ષકારની આંક–૫૩ ની અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

અરજી વંચાણે લીધી તથા બંને પક્ષકારોની રજુઆત તથા દલીલો ધ્યાને લીધી. આ કામે બીજા પક્ષકાર નાઓએ આંક–૫૩ થી અરજી કરી રજુઆત કરેલ છે કે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા તેમને ગેરકાયદેસર રીતે બરતરફ કરવામાં આવેલ છે અને કામદારની હાજરીમાં કોઈ ખાતાકીય તપાસ કરી નથી ખરેખર આવી કોઈ તપાસ કરવામાં આવેલ છે કે તે ફેકટમ પ્રથમ પુરવાર કરવી જરૂરી છે જેથી તેઓએ પ્રથમ પક્ષકાર સંસ્થા વિરૂધ્ધ હાલની અરજી કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારની હાલની અરજીનો વિગતવાર જવાબ રજુ કરેલ છે જેમાં તેઓ જણાવેલ છે કે બીજા પક્ષકાર વિરૂધ્ધ કરવામાં આવેલ ખાતાકીય તપાસ તેમની હાજરીમાં કરવામાં આવેલ છે અને બીજા પક્ષકાર ખાતાકીય તપાસની તમામ પ્રોસીડીંગથી માહિતગાર છે તેમછતાં તેઓ ખોટી રજુઆત કરી હાલની ખોટી રજુઆત કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારને બરતરફ કરતા પહેલા કન્સીલીએશન ઓફીસર સમક્ષ એપ્રુવલ અરજી નં. ૧૦/૨૦૦૩ દાખલ કરવામાં આવેલ હતી જે અરજી ગુણદોષ ઉપર નિર્ણય કરવામાં આવેલ છે અને તે અરજીમાં પણ કન્સીલીએશન ઓફીસરે ખાતાકીય તપાસ અંગેની ચર્ચા કરી ખાતાકીય તપાસને કાયદેસર જાહેર કરેલ છે અને એપ્રુવલ અરજીના હુકમને બીજા પક્ષકારે પડકારેલ નથી કે તે હુકમ વિરૂધ્ધમાં કોઈ અપીલ કરેલ નથી જેથી ખાતાકીય તપાસ થયેલાની હકીકતથી તેઓ માહિતગાર છે તે પુરવાર થાય છે તેવી હકીકત જણાવેલી છે. આ કામે બંને પક્ષકારોની દલીલો તથા રજુઆતના સંદર્ભમાં રજુ થયેલ રેકર્ડની હકીકત ધ્યાને લઈએ તો બીજા પક્ષકાર નાઓએ તેમના માંગણાના નિવેદનમાં તહોમતનામું મળ્યાની હકીકત તથા તહોમતનામાનો જવાબ તેઓએ આપેલાની હકીકત જણાવેલ છે જેથી તેમની સામે થયેલ ખાતાકીય તપાસ અંગે તેઓ માહિતગાર હોવાનું ફલિત થાય છે. આ સિવાય પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી આંક–૩૨ થી ખાતાકીય તપાસના તમામ દસ્તાવેજોની નકલ તા. ૧૧/૧૦/૨૦૧૭ ના રોજ અત્રેની કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે જે તમામ દસ્તાવેજોની

નકલ બીજા પક્ષકારે રીસીવ્ડ કરેલું છે તે રેકર્ડ ઉપરથી ફલિત થાય છે. આ સિવાય પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી રજુ થયેલ ખાતાકીય તપાસના દસ્તાવેજોને ધ્યાને લેતા ખાતાકીય તપાસ થયેલાની હકીકતથી બીજા પક્ષકાર સ્પષ્ટ રીતે માહિતગાર હોવાનું પ્રથમ દ્રષ્ટિએ ફલિત થાય છે. જેથી ખાતાકીય તપાસ થયેલાની હકીકત ના માનવાનું કોઈ કારણ રહેતુ ના હોય અરજદારની હાલની આંક–પ૩ ની અરજી હેઠળ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

(૧) અરજદારની આંક–પ૩ ની અરજી રદ કરવામાં આવે છે.

(ર) કોસ્ટ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજ તા.૦૯/૧૦/ર૦ર૪ ના રોજ જાહેર કર્યો.

તારીખ: ૦૯/૧૦/ર૦ર૪
સ્થળ : ભરૂચ.

(આર.આર.દેસાઈ)
જીજે૦૧૦૮૯
પ્રમુખ અધિકારી
મજુર અદાલત નં.–૧, ભરૂચ